ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૭૨૦૨-૩૫
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૪/૧૨/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય.

વિષયઃ- શાળા કક્ષાએ 'દિન વિશેષ' ની ઉજવણી કરવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે બોર્ડ દ્વારા 'શાળાકિય પ્રવૃતિ કેલેન્ડર' તૈયાર કરીને શાળાઓને જાણ તથા અમલ સારૂં મોકલવામાં આવે છે. જે બાબતથી આપ સુવિદિત છો.

ઉક્ત કેલેન્ડરમાં શાળાકક્ષાએ ફરજિયાત ઉજવણી કરવા માટેના ૧૦ (દસ) જેટલા 'દિન વિશેષ'ની વિગતો દર્શાવેલ છે. ઉક્ત ૧૦ 'દિન વિશેષ'ની ઉજવણી શાળાકક્ષાએ મોટા પાયે કરવાની થતી હોય છે. જ્યારે મરજિયાત ઉજવણી કરવાના 'દિન વિશેષ' તેમજ કેલેન્ડરમાં દર્શાવેલ અન્ય 'દિન વિશેષ'ની ઉજવણી શાળા કક્ષાએ પ્રાર્થના સભામાં કરવાની હોય છે. જેમાં આચાર્ય તથા શિક્ષકો દ્વારા દિન વિશેષ અંગેની માહિતી તેમજ સંબંધિત મહાનુભાવના જીવન અને કવન વિશેની માહિતી વિદ્યાર્થીઓને આપવાની હોય છે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓને અગાઉથી આ અંગે જાણકારી આપીને કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના સભામાં 'દિન વિશેષ' અંગેના વક્તવ્યો રજૂ કરીને શાળાના તમામ વિદ્યાર્થીઓને આ અંગે માહિતગાર કરવાના હોય છે. જેથી વિદ્યાર્થીઓમાં જીવન મૂલ્યોનું ઘડતર થઇ શકે.

આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલ 'શાળાકીય પ્રવૃતિ કેલેન્ડર' માં દર્શાવેલ પ્રત્યેક માસના 'દિન વિશેષ' સંદર્ભે ઉપરોક્ત વિગતે દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરવામાં આવે તે અંગે શાળાઓને જાણ કરશો તેમજ આપની કચેરીને શાળાઓ દ્વારા ઉક્ત બાબતે કરેલ કાર્યવાહીનો અહેવાલ રજૂ કરવામાં આવે તે માટે આપની કક્ષાએથી શાળાઓને જાણ કરશો. આપની કચેરીના શિક્ષણ નિરીક્ષક/મદદનીશ શિક્ષણ નિરીક્ષક દ્વારા પણ આ અંગે મોનિટરિંગ કરવામાં આવે તે મુજબની કાર્યવાહી કરશો. આ અંગે આપના દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો અત્રેની કચેરીને મોકલી આપવા વિનંતી છે.

ક્રમાંક/ ૫૦૩૯
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.
તારીખ: ૦૯/૧૨/૨૦૧૯.

- નકલ રવાના જાણ તથા અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ, મા. અને
ઉ.મા શાળાઓ તમામ.

Scanned by CamScanner